અપીલ અરજી નં.૧૯૫ તા.૩૦–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) કતારગામ કોમ્યુનીટી હોલ સામે, વસ્તા–દેવડી રોડ, શ્રીનાથજી મિલની બાજુમાં , કતારગામ ખાતે ભવ્ય બાંધકામ, (૨) ગોધાણી કોમ્પલેકસ સામે, ત્રણ રસ્તા સર્કલ ઉપર ત્રીજા માળનું બાંધકામ ચાલું છે તે,(૩) કતારગામ, બાપા સીતારામ ચોક, પંચવટી સોસાયટી પાસેની, પાર્વતી સોસાયટીમાં ઉપરમાં બાંધકામ ચાલું છે તે, (૪) પાંડેસરા, બમરોલી ૧૨૦ ફુટ રોડ ઉપર પ્રભાત પેટ્રોલપંપ પાસે, કે પુરૂષોતમદાસ એન્ડ કંપની–માર્બલ ગોડાઉનની બાજુમાં , હાલમાં બાંધકામ ચાલું છે તે. ઉપરોકત ચારેય જગ્યાઓમાં બાંધકામ ચાલું હોઈ તેની રજાચિઠ્ઠી, પરવાનગી , કાયદેસરતા, માળ, પાર્કીગ તેમજ ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી , તેમજ પરવાનગી રજાચિઠ્ઠી જો ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીનાં નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૫/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) કતારગામ કોમ્યુનીટી હોલ સામે, વસ્તા–દેવડી રોડ, શ્રીનાથજી મિલની બાજુમાં , કતારગામ ખાતે ભવ્ય બાંધકામ, (૨) ગોધાણી કોમ્પલેકસ સામે, ત્રણ રસ્તા સર્કલ ઉપર ત્રીજા માળનું બાંધકામ ચાલું છે તે,(૩) કતારગામ, બાપા સીતારામ ચોક, પંચવટી સોસાયટી પાસેની, પાર્વતી સોસાયટીમાં ઉપરમાં બાંધકામ ચાલું છે તે, (૪) પાંડેસરા, બમરોલી ૧૨૦ ફુટ રોડ ઉપર પ્રભાત પેટ્રોલપંપ પાસે, કે પુરૂષોતમદાસ એન્ડ કંપની–માર્બલ ગોડાઉનની બાજુમાં , હાલમાં બાંધકામ ચાલું છે તે. ઉપરોકત ચારેય જગ્યાઓમાં બાંધકામ ચાલું હોઈ તેની રજાચિઠ્ઠી, પરવાનગી , કાયદેસરતા, માળ, પાર્કીગ તેમજ ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી , તેમજ પરવાનગી રજાચિઠ્ઠી જો ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીનાં નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧,૨,૩ માટે કોઈ પણ માહિતી મળેલ ન હોવાનું તથા મુદ્દા નં.૪ માટે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ ટેક/ ૨૨૬ તા.૮/૭/૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે નિર્દિષ્ટ વિસ્તારના જવાબદાર અધિકારીની વિગતો અને તે રોજનીશી નિભાવે છેકે કેમ ? તેમાં વિસ્તારની નોંધ હોય તો તેની મુલાકાત નોંધની હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૯ તા.૬–૮–૧૧ થી તથા રજાચિઠ્ઠી ડીસ્પ્લે કરવા બાબતેની અમલવારી નહીં થયેલ હોવાથી સર્વે નંબર વિગેરે લખેલ નથી તેવી અરજદારની રજૂઆતના અનુસંધાને આરટીઆઈ સેલ/૬૨૦ તા.૯–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને સ્પષ્ટતા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે રજૂ કરેલ મુળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૪૪ તા.૪–૭–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ ની આંશિક માહિતી માટે જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તેમજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૪ અંગે અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૨૬ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૭–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૪ માં જણાવેલ સ્થળોએ મિલ્કતના બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૪૪૪ તા.૪–૭–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ ની આંશિક માહિતી માટે જાહેર માહિતી અધિકારી

કતારગામઝોનને દિન–૨ ના વિલંબથી તબદીલ કરવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.૪ પાંડેસરા, બમરોલી ૧૨૦ ફુટ રોડ ઉપર પ્રભાત પેટ્રોલપંપ પાસે, કે પુરૂષોતમદાસ એન્ડ કંપની–માર્બલ ગોડાઉનની બાજુમાં , હાલમાં બાંધકામ ચાલું છે તે. ઉપરોકત ચારેય જગ્યાઓમાં બાંધકામ ચાલું હોઈ તેની રજાચિઠ્ઠી, પરવાનગી , કાયદેસરતા, માળ, પાર્કીંગ તેમજ ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી , તેમજ પરવાનગી રજાચિઠ્ઠી જો ન આપેલ હોય તો જે તે જવાબદાર અધિકારીનાં નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૨૬ તા.૮–૭–૧૧ થી " પાંડેસરા, બમરોલી ૧૨૦ ફુટ રોડ ઉપર પ્રભાત પેટ્રોલપંપ પાસેના થયેલા બાંધકામને ઉધનાઝોન તરફથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી.સદર બાંધકામનો વિસ્તાર સબઝોન–૧ હેઠળના કર્મચારી/અધિકારીના કાર્યક્ષેત્રમાં આવે છે". તેવું સમય અવધિમાં જણાવેલ છે. પરંતુ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી એવા જવાબદાર અધિકારીના નામ અને હોદ્દાની માહિતી આપેલ નથી. જે બાબતે અરજદારે મુદ્દા નં.૧ થી ૩ ની કોઈ માહિતી મળેલો નથી તથા મુદ્દા નં.૪ ઉધનાઝોનના પત્ર સા.ઝોન/અકણ/નં.૨૨૬ તા.૮–૭–૧૧ ના બાંધકામની વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૩૦–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૪ રજાચિઠ્ઠી વગર બાંધકામ કરાવા દેનાર અધિકારીઓની નામ, હોદ્દાની માહિતી માંગેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીના સબઝોન–૧ હેઠળના કર્મચારી/અધિકારીના કાર્યક્ષેત્રમાં આવે છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં મફત માહિતી અપાવવાની રજૂઆત કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન અરજીની તબદીલી મોડી કરવા અંગે ચેતવણી, નોટીસ કે સૂચન આપવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી અરજદારને મુદ્દા નં.૧ થી ૩ બાબતે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૩ ની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા નહીં પૂરી પાડેલ જવાબદાર અધિકારીના નામ–હોદ્દાની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદાર તરફથી વિલંબિત તબદીલ અંગે કરેલ રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને આરટીઆઈ હેઠળની અરજીઓ નિયમિત તબદીલ થાય તેની કાળજી રાખવા જણાવવામાં આવે છે. તેમજ અરજદારની અપીલમાં અન્ય નોટીસ, ચેતવણી અંગેની જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ પગલા ભરવા અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ એકટની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને છે. જેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ